# દિલ્હીમાં સરકારની રચના નહીં કરવાનો ભાજપનો નિર્ણય

## આગામી વર્ષે ફેબ્રુઆરીમાં વિધાનસભાની ચુંટણીનો તખ્તો તૈયાર

નવી દિલ્હી, તા.૩

દિલ્હીમાં સરકારની રચના નહીં કરવાનો ભાજપે આખરે નિર્ણય કર્યો છે. આની સાથે જ દિલ્હીમાં નવેસરથી વિધાનસભાની ચુંટણી માટેનો માર્ગ મોકળો થયો છે. આગામી વર્ષે ફેબ્રુઆરી સુધી દિલ્હીમાં વિધાનસભાની ચુંટણી યોજાય તેવી શક્યતા છે. ભાજપે વર્તમાન સ્થિતિમાં સરકારની રચના નહીં કરવાનો અંતે નિર્ણય કર્યો છે. બીજીબાજુ કોંગ્રેસના વરિષ્ઠ નેતા હારુન યુસુફ ઉપરાજ્યપાલ નજીબ જંગને મળ્યા છે અને તેમની સમક્ષ રજુઆત કરી છે. ઉપરાજ્યપાલને મળ્યા બાદ હારુન યુસુફે કહ્યું હતું કે, તેમની પાર્ટી પ્રથમ દિવસથી જ નવેસરની ચુંટણીની માંગ કરી રહી છે. યુસુફે કહ્યું હતું કે, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને ઉપપ્રમુખ રાહુલ પણ ચુંટણીની વાત કરી ચુક્યા છે. ભાજપે સરકારની રચના નહીં કરવાનો નિર્ણય કરતાં સસ્પેન્સનો અંત આવ્યો છે. ભાજપના સુત્રોએ કહ્યું છે કે, ભાજપના દિલ્હી એકમના પ્રમુખ સતીષ ઉપાધ્યાય નજીબ જંગને સવારે મળ્યા હતા અને સરકારની રચના નહીં કરવા અંગે પોતાનો અભિપ્રાય આપ્યો હતો. જોકે ઉપરાજ્યપાલે હજુ સુધી કોઈ ટિપ્પણી કરી નથી. બીજીબાજુ નજીબ જંગ ભાજપ, આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના પ્રતિનિધિઓને પણ મળ્યા હતા. ભાજપના સભ્યોએ



સાંજે પણ જંગ સાથે બેઠક યોજી હતી.

ભાજપ માને છે કે, આગામી વર્ષે ફેબ્રુઆરી સુધી વિધાનસભાની ચુંટણી યોજાશે. દિલ્હીમાં ભાજપ-સિરોમણી અકાળીદળ ૨૯ બેઠકો ધરાવે છે. ડિસેમ્બરમાં યોજાયેલી ચુંટણીમાં આ ગઠબંધને ૩૨ બેઠકો જીતી હતી. ત્યારબાદથી ત્રણ ભાજપ ધારાસભ્યો સામાન્ય ચુંટણીમાં લોકસભા માટે ચુંટાયા હતા. દિલ્હી વિધાનસભામાં એએપી બીજી સૌથી મોટી પાર્ટી છે. તેના ૨૮ ધારાસભ્યો છે. ભાજપ અને કોંગ્રેસની સાથે-સાથે હવે એએપી દ્વારા પણ ચુંટણીની ઈચ્છા વ્યક્ત કરવામાં આવી છે. દિલ્હીમાં સરકાર બનાવવા માટે તમામ પાર્ટીએ અસમર્થતા વ્યક્ત કરી છે. ભાજપ, કોંગ્રેસ અને એએપીએ સરકાર બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી નથી. જેથી હવે કેન્દ્રીય ગૃહમંત્રાલયને અહેવાલ મોકલવામાં આવશે.

## મોદીને લાખો પત્ર મળી રહ્યા છે : ટપાલ ખાતુ સક્રિય થયું

નવી દિલ્હી,તા. ૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીમાં દેશના લોકોમાં આત્મવિશ્વાસ સતત વધી રહ્યો છે. જેથી લોકો વડાપ્રધાનના નામે પત્ર લખનાર થયા છે. અગાઉના સમય કરતા હવે લાખો પત્ર વડાપ્રધાન સુધી પહોંચી રહ્યા છે. મોદી સુધી લોકો પોતાની વાત પહોંચાડવા વધુ ઉત્સુક બન્યા છે. કારણ કે મોદીએ વડાપ્રધાનપદ સંભાળી લીધા બાદ તેમના સુધી પત્ર પહોંચનારની સંખ્યા અનેક ગણી વધી ગઈ છે. મોદી રવિવારના દિવસે મન કિ બાત કાર્યક્રમમાં કહી ચુક્યા છે કે જે લોકો તેમની સાથે પોતાના વિચારની આપ લે કરવા માંગે છે તે લોકો તેમને પત્ર લખી શકે છે. જે લોકો સોશિયલ નેટવર્કિગં સાઈટ પર સક્રિય નથી તે લોકો તેમને પત્ર લખી શકે છે અલબત્ત પહેલાથી જ મોદીને પત્ર લખનારની સંખ્યા ઓચી ન હતી હવે અનેક ઘણી વધી ગઈ છે. જ્યારે મનમોહનસિંહ દેશના વડાપ્રધાન હતા ત્યારે દર મહિને પીએમના નામે પાંચથી દસ હજાર પત્રો આવતા હતા પરંતુ હવે આ સંખ્યા મહિને અઢી લાખ સુધી પહોંચી ગઈ છે. મોદીએ મેના અંતે દેશના વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળી લીધી હતી. લોકો પત્ર મારફતે સ્કુલની દયનીય સ્થિતી પર અને અન્ય વિષયો પર તેમનુ ધ્યાન ખેંચી રહ્યા છે. વીજળી પેદા કરવા માટે નવા નવા વિચાર આપી રહ્યા છે. તમામ વિષય પર લોકોનુ ધ્યાન ખેંચવાની તેમની ઈચ્છા દેખાઈ રહી છે. બીજી બાજુ લોકો પણ નવા નવા વિચારો આપી રહ્યા છે. જ્યારે જુલાઈ અને ઓગષ્ટમાં પત્રોનો આંકડો લાખને પાર કરી ગયો ત્યારે તમામને આશ્ચર્ય થયું હતુ. સપ્ટેમ્બરમાં મોદીના જન્મદિવસ સુધી અને શ્રીનગરમાં પુરના સમય આંકડો ૨.૭ લાખ સુધી પહોંચી ગયો હતો.

**જાપાન દ્વારા પસંદગી કરાઈ**

## મનમોહનસિંહને ટોપ નેશનલ એવોર્ડ મળશે

નવી દિલ્હી, તા. ૩

ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહની જાપાન દ્વારા ટોપના નેશનલ



એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. ભારત અને જાપાન વચ્ચેના સંબંધોને વધુ મજબુત બનાવવામાં ભૂમિકા માટે પસંદગી કરવામાં આવી છે. આ સન્માન મેળવનાર મનમોહનસિંહ પ્રથમ ભારતીય બનવા જઈ રહ્યા છે. ભારત અને જાપાન વચ્ચે સંબંધોને નવી ઉંચાઈ ઉપર લઈ જવામાં તેમના યોગદાન બદલ આ એવોર્ડની પસંદગી કરાઈ છે. જાપાનમાં તેમનું હવે સન્માન કરવામાં આવનાર છે. જાપાનના દુતાવાસ દ્વારા નિવેદન જારી કરીને આ મુજબની વાત કરવામાં આવી છે. મનમોહનસિંહ ૨૦૦૪થી ૧૦ વર્ષ સુધી વડાપ્રધાન તરીકે રહ્યા હતા. મનમોહનસિંહ વડાપ્રધાન તરીકે હતા ત્યારે જાપાનના પ્રવાસે પણ ગયા હતા.

## જમ્મુ-કાશ્મીરમાં ઝંઝાવતી પ્રચાર કરવા મોદી સુસજ્જ

નવી દિલ્હી, તા. ૩

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચુંટણીવેળા પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઝંઝાવતી ચુંટણી પ્રચાર કરવા કમરકસી ચુક્યા છે. જમ્મુ-કાશ્મીરમાં પ્રથમ વખત ભાજપને બહુમતી અપાવવાના પ્રયાસો મોદી દ્વારા શરૂ કરવામાં આવે તેવા સંકેત મળી રહ્યા છે. મોદીએ પહેલાથી જ આના માટેના સંકેત આપ્યા હતા. જાણકાર લોકોએ કહ્યું છે કે, ભાજપના કાર્યકરોમાં પણ મોદીને લઈને ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે. નિવૃત્ત અધિકારીઓ, પોલીસ અધિકારીઓ, પ્રાદેશિક રાજકીયપક્ષો અને સાથે-સાથે અન્ય સામાન્ય લોકો પણ કાશ્મીર ખીણમાં ભાજપને મજબુત કરવા લડાયક દેખાઈ રહ્યા છે.મોદી ચુંટણી પ્રચારમાં ભાજપનું નેતૃત્વ કરશે તેઓ જમ્મુ, કાશ્મીર અને લડાખમાં ૮થી વધુ રેલી યોજે તેવી શક્યતા દેખાઈ રહી છે. ૧૦મી નવેમ્બરથી મોદી ઝંઝાવતી પ્રચાર કરનાર છે. સૌથી પહેલા મોદી ખીણમાં પ્રચાર કરશે. જમ્મુ અને લદાખમાં મોદીની જાહેરસભા માટેની તારીખો ટૂંક સમયમાં જાહેર કરાય તેવી શક્યતા છે. વડાપ્રધાનની સાતથી આઠ રેલીઓ યોજાશે. પક્ષના હોશિયારપુરમાંથી સાંસદ અને જમ્મુ કાશ્મીરમાં પક્ષની બાબતોનું નેતૃત્વ કરી રહેલા અવિનાશ રાય ખન્નાએ કહ્યુંછે કે, મોદીના જાદુ હેઠળ ફરીવાર આ ચુંટણી લડવામાં આવનાર છે. ભાજપ જુદા જુદા વર્ગને પ્રભાવિત કરવાના પ્રયાસ કરશે. વડાપ્રધાનની રેલી દરમિયાન અમિત શાહ અને રાજનાથસિંહ પણ ઉપસ્થિત રહેશે. પીડીપી, કોંગ્રેસ અને એનસી જેવા પક્ષોની ગણતરી ઉંધી વાળવા કમરકસી ચુક્યા છે.

પીડીપીના રાજપોરાના ઉમેદવારનું કહેવું છે કે ભાજપની અસર જમ્મુમાં જોરદાર રીતે જોવા મળી શકે છે.

## પાકિસ્તાનમાં બ્લાસ્ટ બાદ સરહદ પર હવે હાઇએલર્ટ

અમૃતસર,તા. ૩

પાકિસ્તાનમાં વાઘા સરહદ પર આત્મઘાતી હુમલો થયાના એક દિવસ બાદ આજે ભારત અને પાકિસ્તાન સરહદ પર સુરક્ષા પાસાને ધ્યાનમાં લઈને હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. અટારી સરહદ પર હાઈએલર્ટ જાહેર કરીને સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. બીજી ાબાજુ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ હુમલાને કઠોર શબ્દોમાં વખોડી કાઢીને તેની નિંદા કરી છે. બીએસએફના એક અધિકારીએ આજે સવારે માહિતી આપી હતી કે વિસ્ફોટ કરીને આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો ત્યાં સુધી ભારતની તરફ ધ્વજ નીચે કરવા સાથે સંબંધિત કાર્યક્રમ પૂર્ણ કરી લેવામાં આવ્યો હતો. બ્લાસ્ટના કારણે ભારત તરફ કોઈ અસર થઈ નથી. બીએસએફના નાયબ મહાનિર્દેશક આરપીએસ જસવાલે કહ્યુંહતું કે ભારતીય જવાનો બિલકુલ સાવધાન છે. બીએસએફના પ્રમુખ ડીકે પાઠકે કહ્યું છે કે બીએસએફને આશરે એક પખવાડિયા પહેલા માહિતી મળી હતી કે બીટિંગરીટ્રીટ સેમિમની દરમિયાન ત્રાસવાદીઓ હુમલાને અંજામ આપી શકે છે. તેમણે કહ્યુંહતું કે પાકિસ્તાનના અનુરોધ બાદ હવે મંગળવારથી ત્રણ દિવસ સુધી વાઘા સરહદ પર બીટિંગ રીટ્રીટ સેરિમની યોજાશે નહી. પાઠકે કહ્યુંહતુંકે અમે પહેલાથી એલર્ટ હતા. કારણ કે અમને પહેલા બાતમી મળી હતી. સરહદ પર અમારા એકમોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે.

### ભારત-પાક વચ્ચે જમીન કારોબારને રોકી દેવાયો

નવી દિલ્હી,તા.૩

પાકિસ્તાનમાં વાઘા સરહદ પર આત્મઘાતી હુમલો કરવામાં આવ્યાના એક દિવસ બાદ આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે જમીન કારોબારને રોકી દેવામાં આવ્યો હતો. આ બ્લાસ્ટમાં ૬૦ લોકોના મોત થયા હતા અને ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. કસ્ટમ અધિકારીઓએ અટારીમાં માહિતી આપતા કહ્યું હતું કે, બન્ને પક્ષો વચ્ચે વેપારી પ્રવૃત્તિને હાલમાં રોકી દેવાઈ છે.

આ બ્લાસ્ટ બન્ને દેશો વચ્ચે આંતરરાષ્ટ્રીય સરહદથી ૫૦૦ મીટરના અંતરે સ્થિત વાઘા સરહદ પર થયો હતો. આગામી બે દિવસ સુધી વેપારી પ્રવૃત્તિ બંધ રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. બન્ને દેશો તરફથી સેંકડો ટ્રકોને રોકી દેવામાં આવી છે. ફળફળાદી અને શાકભાજી સહિતની ટ્રકોને રોકી દેવામાં આવી છે. બ્લાસ્ટ બાદ હાઈએલર્ટની જાહેરાત પણ કરવામાં આવી છે. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે આત્મઘાતી બોંબર ૧૮ વર્ષનો હતો અને તે પોતાના શરીર પર વિસ્ફોટક સામગ્રી બાંધીને આવ્યો હતો.

### હરિયાળું હરણોદ્યાન (પાના નં. ૪ નું ચાલુ)

ઈશા અને મેધાને આ પ્રકૃતિ ઉદ્યાન ખુબ જ ગમે છે. તે અવારનવાર પક્ષીદર્શન કરવા અને ફરવા આવે છે.

આકાશમાં વાદળો છવાયા છે તેથી હવે વાતાવરણ ધૂંધળું લાગે છે. રસ્તાની બંને બાજુએ વાવેલ પીળી કરેણ ફૂલોથી લચી પડી છે.

મને પણ આવું વાતાવરણ ખુબ જ ગમે છે. તેથી ફરતો ફરતો અહીં આવી ગયો છું. ઈશા અને મેધા મારી તરફ આવે છે. ત્યાં મારી નજર પડતાં હું બૂમ પાડું છું.

'મેધા... ત્યાં જ ઊભાં રહો.'

'શું થયું?'

તેના પ્રશ્નનો હું જવાબ આપું ત્યાં તેમની સામેથી સડસડાટ કરતો સાપ પસાર થઈ જાય છે. ઘડીભર ઈશા ગભરાઈ જાય છે.

'હું તમને એનાથી જ ચેતવતો હતો. સામે મેદીના વચ્ચેની નીકળતાં હું તેને જોઈ રહ્યો હતો.'

'મેધા, ચાલ હવે મારે ઘેર જવું છે.'

'કેમ ડરી ગઈ...'

'ના... રે પણ મને યાદ આવી ગયું કે મારે હજુ ટ્યુશનમાં જવાનું છે.'


'તો ચાલો ત્યારે... બંને બહેનો ચાલતી થઈ તેમને જતાં દૂર દૂર સુધી હું જોઈ રહ્યો.'

(ક્રમશઃ)

## ખુબ લોકપ્રિય વિલન સદાશિવ અમરાપુરકરનુ થયેલુ અવસાન

મુંબઈ,તા. ૩

એક્ટિંગના ક્ષેત્રમાં પાવરહાઉસ ગણાતા અને વિતેલા વર્ષોમાં વિલન અને કોમેડિયનની યાદદાર ભૂમિકા અદા કરનાર સદાશિવ અમરાપુરકરનુ આજે વહેલી સવારે અવસાન થતા ચાહકોમાં આઘાતનુ મોજુ ફરી વવ્યું હતુ. તેમની પુત્રી રીમા અમરાપુરકરે માહિતી આરપતા કહ્યુંહતું કે અમરાપુરકરનુ સવારે ૨.૪૫ વાગે અવસાન થયું હતુ. ફેફસામાં ઈન્ફેક્શનની ફરિયાદ બાદ તેમનો છેલ્લા આઠ દિવસતી કોકિલાબેન ધીરુભાઈ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા હતા. અમરાપુરકરનો પાર્થિવ શરીર તેમના ચાહકોના અંતિમ દર્શન માટે મુંબઈના ભાઈદાસ હોલમાં રાખવામાં આવનાર છે. અંતિમ સંસ્કાર આવતીકાલે સાંજે તેમના વતન શહેર અહેમદનગરમાં કરવામાં આવે તેવી શક્યતા છે. ૧૧મી મે ૧૯૫૦માં અહેમદનગરમાં જન્મેલા



અમરાપુરકર શરૂમાં રંગમંચના કલાકાર હતા. જેથી તેમની એક્ટિંગ કુબ શાનદાર હતી. ૮૦ના દશકમાં તેઓએ બોલિવુડમાં એન્ટ્રી કરી હતી. અનેક મરાઠી ફિલ્મોમાં પણ ભૂમિકા અદા કરી હતી. તેમની આશરે ૩૦૦ ફિલ્મોમાંથી અર્ધસત્ય, સડક, હુકુમત, આંખે, અને ઈસ્ક ખુબ લોકપ્રિય થઈ હતી. તેમની સૌથી નવી ફિલ્મ બોમ્બે ટોકીજ હતી. વર્ષ ૧૯૮૪માં આવેલી અર્ધ સત્ય ફિલ્મમાં તેમને સહાયક અભિનેતાનો ફિલ્મફેર એવોર્ડ પણ મળ્યો હતો.

વર્ષ ૧૯૯૧માં આવેલી સડક માટે તેમને શ્રેષ્ઠ વિલનનો ફિલ્મફેર એવોર્ડ મળ્યો હતો. એક વિલન તરીકે જામી ગયા બાદ તેમને કેટલીક કોમેડી ફિલ્મો પણ કરી હતી. મહારાષ્ટ્રિયન બ્રાહ્મણ પરિવારમાં તેઓ જન્મ્યા અને ઉછર્યા હતા. તેમને તેમના પરિવારના સભ્યો અને નજીકના મિત્રો તાત્યા તરીકે પ્રેમથી બોલાવતા હતા. સદાસિવ અમરાપુરકરે તેમની હાઈસ્કુલની ગર્લફ્રેન્ડ સુનન્દા સાથે લગ્ન કર્યા હતા. ધર્મેન્દ્ર સાથે અમરાપુરકરની અનેક ફિલ્મો આવી હતી. જે સુપરહિટ સાબિત તઈ હતી.

## નેશનલ હેરાલ્ડ કેસમાં બીજી ડિસેમ્બરે સુનાવણી શરૂ થશે

### સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને કોંગ્રેસના અન્ય નેતાઓ તરફથી હાઈકોર્ટમાં અરજી કરીને સમન્સ રદ કરવા માંગ

નવી દિલ્હી, તા.૩

દિલ્હી હાઈકોર્ટે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, ઉપપ્રમુખ રાહુલ ગાંધી અને પક્ષના અન્ય નેતાઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી આજે બીજી ડિસેમ્બર સુધી મોકુફ કરી દીધી હતી.

નેશનલ હેરાલ્ડને લઈ લેવા સાથે સંબંધિત કેસમાં પક્ષના નેતાઓ તરફથી અપીલ કરવામાં આવી હતી. જસ્ટીસ વીપી વૈસ્યએ કહ્યું હતું કે, બીજી ડિસેમ્બરથી નિયમિત આધાર પર કેસમાં સુનાવણી હાથ ધરવામાં આવશે. ગાંધી ઉપરાંત જે લોકોએ હાઈકોર્ટમાં અપીલ કરીને જે રીતે રજુઆત કરી છે તેમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા મોતીલાલ વોરા, પરિવારના મિત્ર સુમન દુબે, ઓસ્કાર ફર્નાન્ડિસનો સમાવેશ થાય છે. આ તમામ સભ્યો તરફથી ભાજપના વરિષ્ઠ નેતા સુબ્રમણ્યમ સ્વામી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના આધાર પર ટ્રાયલ કોર્ટ દ્વારા તેમની સામે જારી કરવામાં આવેલા સમ્નસને રદ કરવાની માંગણી કરીા છે. દરમિયાન ટ્રાયલ કોર્ટમાં ફોજદારી કાર્યવાહી ઉપર હાઈકોર્ટ દ્વારા મંજુર સ્ટેને આગામી સુનાવણી સુધી જારી રાખવાનો નિર્ણય કરાયો છે. સ્વામીએ દાવો કર્યો હતો કે, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી જે યંગ ઈન્ડિયન લીમિટેડના બહુમતી શેર હોલ્ડર તરીકે છે તેમને એસોસીએટેડ જનરલ લીમિટેડ મળવાથી ઘણો ફાયદો થયો હતો. ૨૬મી જુનના દિવસે ટ્રાયલ કોર્ટે કોંગ્રેસના નેતાઓ સામે સમન્સ જારી કર્યા હતા. સ્વામી દ્વારા ફરીયાદ કરીને આક્ષેપ કરાયો હતો કે, એજેએલને મેળવી લેવાની પ્રક્રિયામાં છેતરપીંડી આચરવામાં આવી હતી. અરજી દાખલ કરતીવેળા કોંગ્રેસના નેતાઓએ કહ્યું છે કે, સ્વામી રાજકીય હરીફ છે જેથી રાજકીય ઈરાદા સાથે રજુઆત કરવામાં આવી છે.

## હિજબુલ મૃત જેવી સ્થિતિમાં છે : ઓછા આતંકવાદી રહ્યા

નવી દિલ્હી,તા.૩

જમ્મુ-કાશ્મીરમાં એક વખતે સૌથી શક્તિશાળી ગણાતા આતંકવાદી સંગઠન હિજબૂલ મુઝાહીદીનનું અસ્તિત્વ ખતમ થઈ ગયું હોવાનું જાણવા મળી રહ્યું છે. હિજબુલ મુઝાહીદીનના મોટાભાગના આતંકવાદીઓ માર્યા ગયા છે અથવા તો તેમની ધરપકડ કરી લેવામાં આવી છે. જેથી હિજબુલ મુઝાહીદીનું અસ્તિત્વ હવે ખતમ થઈ રહ્યું છે.

હિજબુલ મુઝાહીદીનના જે આતંકવાદીઓ બાકી રહ્યા છે તે આતંકવાદીઓ હવે મુશ્કેલી અનુભવી રહ્યા છે. કાશ્મીર ખીણમાં હિજબુલ મુઝાહીદીનના બાકી રહી ગયેલા ઘણા કમાન્ડરો અને ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે અથવા તો તેમની ધરપકડ કરી લેવામાં આવી છે. ઉપલબ્ધ માહિતી મુજબ હિજબુલ મુઝાહીદીનમાં હવે માત્ર ૨ ડઝન જેટલા સક્રિય આતંકવાદીઓ રહી ગયા છે. કાશ્મીરમાં હજુ સુધીના સૌથી મોટા આતંકવાદી સંગઠન પૈકીના એક એવા હિજબુલ મુઝાહીદીનની હાલત મૃતપ્રાય જેવી થઈ ગઈ છે. બાકીના આતંકવાદીઓ પણ હવે હુમલાઓ કરવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. નામ જાહેર નહીં કરવાની શરતે એક અધિકારીએ આ અંગેની માહિતી ઉપલબ્ધ કરાવી છે. છેલ્લા થોડાક મહિનાઓમાં હિજબુલ અતિ મુશ્કેલ હાલતમાં છે. તેમને હથિયારો અને અન્ય જરૂરી સામગ્રી પણ મળી રહી નથી. ૧૩મી ઓક્ટોબરના દિવસે કાશ્મીર ખીણમાં સૌથી લાંબા સમય સુધી રહી ચૂકેલો આતંકવાદી અને સૌથી સિનિયર સભ્ય ગણાતો મુસ્તાક કિલર ઉર્ફે મુસ્તાક એક ઓપરેશનમાં ઠાર થઈ ગયો હતો. જ્યારે અન્ય એકની ધરપકડ કરી લેવામાં આવી હતી. ઓપરેશન પહેલાં જ સુરક્ષાદળોએ હિંસાગ્રસ્ત જમ્મુમાં હિજબુલ મુઝાહીદીનના ઓપરેશન વડા ડો. દાઉદ તરીકે ઓળખાતા મોહમંદ સાફીની ધરપકડ કરી લેવામાં આવી હતી. તે વર્ષ ૨૦૦૩માં માર્યા ગયેલા પૂર્વ ઓપરેશન વડા અબ્દુલ માઝિદ સાથે સક્રિય થયેલો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન સઈદ સલાહુદ્દીન હિજબુલના સક્રિય સભ્ય પૈકીના સભ્ય રહ્યા છે. સલાહુદ્દીને હિજબુલને શક્તિશાળી બનાવવામાં ભૂમિકા ભજવી હતી.

## રાજ્યસભા ચુંટણી માટે છ ઉમેદવારોએ પત્ર ભર્યા

લખનૌ, તા. ૩

સમાજવાદી પાર્ટીના છ ઉમેદવારોએ આજે આ મહિનામાં યોજાનાર રાજ્યસભાની ચુંટણી માટે ઉત્તરપ્રદેશમાં તેમના ઉમેદવારી પત્રો ભર્યા હતા. રાજ્યના શહેરી વિકાસ પ્રધાન મોહમ્મદ આઝમખાનના પત્નિ તાનજીમ ફાતીમાએ પણ ઉમેદવારી પત્ર ભર્યા હતા. મુખ્યમંત્રી અખિલેશ યાદવની ઉપસ્થિતિમાં તમામ લોકોએ તેમની ઉમેદવારી નોંધાવી હતી. અન્ય જે ઉમેદવારોએ તેમની ઉમેદવારી નોંધાવી હતી તેમાં પક્ષના જનરલ સેક્રેટરી અને મુલાયમસિંહ યાદવના સંબંધી રામગોપાલ યાદવ, ભૂતપૂર્વ વડાપ્રધાન ચંદ્રશેખરના પુત્ર નિરજ શેખર, ચંદ્રપાલ યાદવ, રવિ વર્મા અને જાવેદ અલીનો સમાવેશ થાય છે.

રાજ્ય વિધાનસભામાં પક્ષના સંખ્યા બળના આધાર પર તમામ છ ઉમેદવારો ૧૦ બેઠક માટે ચુંટણી મારફતે જીતી જાય તેવી શક્યતા છે. ભાજપ પણ એક ઉમેદવારને ઉતારનાર છે. જ્યારે બહુજન સમાજવાદી પાર્ટી બે સભ્યોને ઉતારશે. અજિતસિંહ પણ સપાના સમર્થન માટે લોબી ચલાવી રહ્યા છે.

### સમાચાર ઝલક

- તામિલનાડુમાં કોંગ્રેસમાં તડા. અન્ય રાજ્યોમાં પણ અસંતોષ.
- શાહરૂખખાન વિશ્વભરમાં બીજો સૌથી અમીર અભિનેતા છે.
- બી.આર.ટી.એસ.માં નજર ચુકવીને લૂંટ કરતી ટોળકી ઝડપાઈ.
- શ્રી નરેન્દ્રભાઈની કાળા નાણાં અંગેની જાહેરાતથી સ્વિસ બેંકોમાં ગભરાટ ફરી વળ્યો.
- ટ્રેનમાં કિન્નરોની દાદાગીરી ૧૦૦ રૂપિયા નહીં આપતાં પ્રવાસીને મારી નાંખ્યો.
- સરકારની માલિકીની 'ગેઈલ' કંપનીના ૩૦ હજાર કર્મચારીઓની નોકરી જોખમમાં.
- અમરેલીના સાવર ગામે ૮૦ ચો.મી. ખેતીની જમીન ૧૨ કરોડમાં વેચાઈ.
- ગંગા સફાઈના નામે મીટીંગમાં રૂ. ૪૩ લાખનો ખર્ચ થયો.
- રોજના ૧૦ લાખ ડોલર ખર્ચે તો પણ બિલ ગેટસની સંપત્તિ ૨૧૮ વર્ષ ચાલે.
- ગેર માર્ગે દોરતી અમુલ બટર, મારૂતી સ્વીફ્ટ, લીઓન હેરકેરની જાહેરાતો પાછી ખેંચવા આદેશ.
- ૬૭ વર્ષના બાંગ્લાદેશી મંત્રી ૨૯ વર્ષની યુવતી સાથે પરણશે.
- સોમનાથમાં કાર્તિકી મેળાનો શુભારંભ.
- વડોદરામાં આઈ.ટી.આઈ.માં ગોલ્ડ મેડાલીસ્ટ યુવક બાઈક ચોરીમાં ઝડપાયો.
- મહોરમને કારણે જડબેસલાક પોલીસ બંદોબસ્ત.